Downloaded From : http://cbseportal.com/

# ગુજરાતી

## STD – X GUJARATI SAMPLE PAPER

**Total Marks 80**

### SECTION - A (Reading Comprehension)

(1) (અ) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો તમારા શબ્દોમાં લખો. 5

પર્યાવરણ અને વૃક્ષ ઉછેર વિષે અનેક લેખકો અને કવિઓએ ઘણું સાહિત્ય સર્જન કર્યું છે.પણ ખરેખર જોવા જઈએ તો આ સમૃદ્ધ સાહિત્યનો વાસ્તવિક જીવનમાં પ્રાયોગિક ધોરણે ઉપયોગ કરવાનો સમય આવી ગયો છે. દરેક વ્યક્તિએ સમજવું જ રહ્યું કે જો પર્યાવરણની સુરક્ષા કરવી હશે તો માત્ર ભણીને, સમજીને નહીં પણ અમલ દ્વારા બતાવવું પડશે કે અમે પણ પર્યાવરણને વહાલ કરીએ છીએ. શરૂઆત અત્યારે જ કરીએ ચાલો સૌ પ્રથમ તો વૃક્ષ વાવીએ, તેનો ઉછેર કરીએ, તેનો કદી નાશ ન કરીએ એવી પ્રતિજ્ઞા લઈએ. આ માટે વૃક્ષારોપણ સપ્તાહ ઊજવીએ ઊગતા બાળકોના સિંચનમાં પર્યાવરણની જાળવણીના સંસ્કારો રેડીએ. જીવસૃષ્ટિમાં વનસ્પતિનું યોગદાન, જીવનને ટકાવી રાખવામા વરસાદને લાવવામાં, જમીનનું ધોવાણ અટકાવવામાં, તેની ફળદ્રુપતા સાચવી રાખવામા, ધરતીને રળિયામણી બનાવવામાં હવામાનાં વાયુઓનું પ્રમાણ જાળવી રાખવામાં, જીવન જરૂરી વસ્તુઓની પ્રાપ્તિ માટે તેની અગત્યતા જોઈએ તો સમજાશે કે આપણે ઘણાં મોડા પડ્યા છીએ. 'જાગ્યા ત્યાંથી સવાર' એ ન્યાયે આપણે બધાએ, સરકારે અને મદદ રૂપ થનારી સંસ્થાઓએ યુદ્ધના ધોરણે કાર્ય કરવું પડશે.

ધોવાણ અટકાવવામાં, તેની ફળદ્રુપતા સાચવી રાખવામા, ધરતીને રળિયામણી બનાવવામાં, હવામાનાં વાયુઓનું પ્રમાણ જાળવી રાખવામાં, અને જીવન જરૂરી વસ્તુઓની પ્રાપ્તિ માટે તેની અગત્યતા જોઈએ તો સમજાશે કે આપણે ઘણાં મોડા પડ્યા છીએ. 'જાગ્યા ત્યાંથી સવાર' એ ન્યાયે આપણે બધાએ, સરકારે અને મદદ રૂપ થનારી સંસ્થાઓએ યુદ્ધના ધોરણે કાર્ય કરવું પડશે.

પ્રશ્નો –

(1) સમૃદ્ધ સાહિત્યનો કેવો ઉપયોગ થવો જોઈએ?

(2) પર્યાવરણની સુરક્ષા કેવી રીતે કરી શકાય?

(3) ઊગતા બાળકોમાં ક્યા સંસ્કારોનું સિંચન જરૂરી છે?

(4) પર્યવારણ વિશે વિચારીએ તો કેવો અહેસાસ થાય છે?

(5) 'જાગ્યા ત્યાંથી સવાર' કહેવતનો શો અર્થ થાય?



Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From : http://cbseportal.com/

(બ) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોના ઉત્તરો તમારા શબ્દોમાં લખો. 5

આધુનિક કાળમાં મનુષ્યને જીવનમાં ડગલે ને પગલે આત્મવિશ્વાસની જરૂરત પડે છે. પોતાની જાતમાં, પોતાના જ્ઞાનમાં, પોતાના વક્તૃત્વમાં વિશ્વાસ હોવો એટલે આત્મવિશ્વાસ. ક્રિકેટની રમતમાં આત્મવિશ્વાસથી દડાને ફટકારનાર ચોગ્ગો અને છગ્ગો લગાવી લોકોની તાડીઓનો ગડગડાટ મેળવી શકે છે. કબડ્ડીની રમતમાં પ્રતિસ્પર્ધીના પગને આત્મવિશ્વાસથી જકડી લેનાર વિજયનો હકદાર બને છે. આત્મવિશ્વાસથી ભાષણ આપનાર વક્તા શ્રોતાઓના અભિવાદનનો અધિકારી બને છે. આત્મવિશ્વાસ વીરતાનો સાર છે. આત્મવિશ્વાસથી એક પગથિયું ઉપર ચડતા આત્મશ્રદ્ધાનું દર્શન થાય છે. આત્મશ્રદ્ધા એ આજાનબાહુ પુરુષાર્થની ટચલી આંગળી છે. જે કોઈ પણ મુસીબતનો સામનો કરી શકે છે. સ્વામી વિવેકાનંદે કહ્યું છે, "આત્મશ્રદ્ધામાં એક એવી પ્રબળ અને અનન્ય શક્તિ છે, જે પાણીને ઘીમાં અને રેતીને ખાંડમાં ફેરવી શકે છે." માણસ જો ધારે તો પુરુષાર્થને સીડી બનાવી આત્મવિશ્વાસથી પોતાના નિર્ધારિત લક્ષ્યને સિદ્ધ કરી શકે છે. એવું કહેવાય છે કે 'કુમળો છોડ જેમ વાળીએ તેમ વળે' બાળકમાં બચપણથી આત્મવિશ્વાસ કેળવવા અથાગ પ્રયાસ કરવા જોઈએ. સમાજના ઘડતરમાં આત્મવિશ્વાસરૂપી બીજનું રોપણ કરવાની જરૂર છે

પ્રશ્નો – (1) મનુષ્યને જીવનમાં શાની જરૂર પડે છે?
(2) આત્મવિશ્વાસ કેળવવા શું કરવું જોઈએ?
(3) આત્મવિશ્વાસ એ શેનો સાર છે?
(4) આત્મશ્રદ્ધાના ક્યારે દર્શન થાય છે?
(5) લક્ષ્ય સિદ્ધિ માટે મનુષ્યે શું કરવું જોઈએ?

(ક) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તરનો સાચો વિકલ્પ પસંદ કરી લખો. 5

ઝાડવાએ છાંયડાની માંડી દુકાન,
ધંધામાં રોકી છે પોતાની મૂડી બધી એટલે કે સઘળાયે પાન,
પોતાનો કારભાર ચલાવે છે ઝાડવું કોણ જાણે કેવા કેવા માપે?
આવનાર માગે જો ચપટીભર છાંયડો તો ખોબોભર છાંયડો આપે.
એનાથી વેપલો શું થાય જેને હોય નહીં ત્રાજવા કે કાટલાનું ભાન!
સૂરજ વિદાય થતાં લાગે સંકેલવા એ આમતેમ પાથર્યા પથારા,
માંડે હિસાબ પડી એકલું તો વકરામાં કેટલાય હોય હાશકારા.
બાંધી લે ગાંઠે, ગણ્યા વિના એ પરચૂરણ સિક્કા-જે પંખીના ગાન.
કોઈને થાય એને દેવાળું ફૂંકવાનો આવશે દિવસ આજકાલમાં,


Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From : http://cbseportal.com/

આજ લગી તોયે એનો વેપલો તો ચાલે છે સમજણની બહારની કમાલમાં
એકલું એ ઝાડ નથી લૂંટાતું આમ એનું લૂંટાતું આખું ખાનદાન.

પ્રશ્નો –

(1) ઝાડવાએ શાની દુકાન માંડી છે?

(2) ધંધામાં ઝાડવાએ કઈ મૂડી રોકી છે?

(3) આવનારને ઝાડવું કેટલો છાંયડો આપે છે?

(4) સૂરજ વિદાય થતાં ઝાડવું શું કરે છે?

(5) ઝાડવાના વેપારની શી વિશેષતા છે?

## SECTION–B (Writing)

(અ) નીચે આપેલા વિષયોમાંથી કોઈ પણ એક પર આશરે 200 શબ્દોમાં નિબંધ લખો. 8

(1) પરિશ્રમ એ જ પારસમણિ

(2) જીવનમાં રમત-ગમતનું મહત્ત્વ

(3) આધુનિક સાધનો – શાપ કે આશીર્વાદ

(બ) નીચે આપેલા મુદ્દાઓને આધારે વાર્તા રચો અને તેને યોગ્ય શીર્ષક આપો. 6

મુદ્દા – એક મુસાફર – ચાલતા ચાલતા થાકી જવું –એક આંબાના વૃક્ષ નીચે આરામ કરવા રોકાવું – સૂતા સૂતા વિચારવું ‘આ ઇશ્વર તો મૂર્ખ છે –આવડું મોટુ આંબાનું વૃક્ષ ને આટલી નાની કેરી, આવડો નાનો કોળાનો વેલો અને આટલું મોટું ફળ’ – ઠંડી હવાને કારણે ઊંઘ આવી જવી – થોડા સમય પછી એક કેરી તૂટીને એના માથા પર પડાવી – ઝબકીને જાગી જવું – વિચારવું ‘ઈશ્વર ખરેખર બુદ્ધિમાન છે, જો આંબાના વૃક્ષ પર કેરીને બદલે કોળું હોત તો?’ – ઇશ્વરી યોજનાનું રહસ્ય સમજાવું - બોધ

(ક) વિદ્યાર્થીજીવનમાં વાચનનું મહત્ત્વ સમજાવતો પત્ર તમારા નાનાભાઈને લખો. 6

અથવા

તમારા વિસ્તારમાં ફેલાયેલા પ્રદૂષણ વિશે મ્યુનિસિપલ કમિશનરને પત્ર લખો.

(ડ) ‘બાળકને બળથી નહિ પણ કળથી જીતો’ વિષય પર આશરે 100 શબ્દોમાં આર્ટિકલ લખો. 5

અથવા

‘સ્વચ્છ ભારત’ વિશે જાહેરાત બનાવો.


Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From : http://cbseportal.com/

## SECTION-C (Grammar)

(3)(અ) નીચેના રૂઢિપ્રયોગોનો અર્થ આપી વાક્યપ્રયોગ કરો 3

(1) ધૂળમાં મળી જવું

(2) તલપાપડ થવું

(3) લાગી આવવું

(બ) નીચેના શબ્દોનો સંધિવિગ્રહ કરો. 2

(1) પુર્ણેંદુ

(2) વાતાવરણ

(ક) (1) કૌંસમાં આપેલ સૂચના પ્રમાણે રૂપાંતર કરો. 2

(1) શેઠ જગડુશા ઉદાર વેપારી હતા. (નિષેધવાક્ય)

(2) જેઠીમા આજે પ્રસન્ન ન હતા. (વિધિવાક્ય)

(2) કૌંસમાં આપેલ સૂચના પ્રમાણે રૂપાંતર કરો. 2

(1) નદી પોતે અભય અને અભયદા પણ હતી. (ઉદ્ગાર)

(2) આપણું ગણતર હવે કાંઈ કામમાં આવવાનું નથી. (પ્રશ્નવાક્ય)

(ડ) નીચે આપેલા વાકયોને લેખનરૂઢિ અને ભાષાશુદ્ધિની દૃષ્ટિએ સુધારો. 2

(1) વહેલી સવારે થતાં સૂર્યનો સૂર્યોદય માણવાની મજા પણ એક અલગ છે.

(2) રાજેશને પરિશ્રમની મહિમા સમજાઈ.

(ઇ) નીચેની કહેવતોનો અર્થ લખો. 2

(1) પંચ ત્યાં પરમેશ્વર

(2) અણીનો ચૂક્યો સો વરસ જીવે

(ઈ) નીચેના શબ્દસમૂહો માટે એક શબ્દ આપો. 2

(1) ધૂમરી લઈ ભારે વાતો પવન

(2) કામ કઢાવી લેવાની કળા

## SECTION–D (Literature)

(4)(અ) નીચેનો ગદ્યખંડ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર લખો. 3

ડૉ. વર્ગીસે ભારતના ખેડૂતોનું સશક્તિકરણ અને સંગઠન ડેરી ઉદ્યોગની સહકારી મંડળી મારફતે કર્યું. ભારતની દૂધ સહકારી ચળવળના તેઓ સ્થાપક અને સંચાલક બન્યા. આણંદમાં 'ખેડા જિલ્લા સહકારી દૂધ ઉત્પાદક મંડળી' જે હવે અમૂલના નામે વિશ્વવિખ્યાત છે તેની રચના કરી વેગવંતી બનાવી. 'આણંદ મોડેલ'ની સહકારી મંડળી એટલી સફળ નીવડી કે ભારત સરકારની વિનંતીને માન્ય રાખીને કુરિયને ત્રિભુવનદાસ પટેલ અને અન્ય સંનિષ્ઠ વ્યક્તિઓના સહકારથી



Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From : http://cbseportal.com/

'નેશનલ ડેરી ડેવલપમેન્ટ બોર્ડ'ની સ્થાપના કરી. તેના માધ્યમથી ભારતમાં આણંદની પ્રતિકૃતિ જેવી દૂધ સહકારી મંડળીઓ અસ્તિત્વમાં આવી. આ બધી મંડળીઓના ઉત્પાદનોના માર્કેટિંગ માટે કુરિયને 'ગુજરાત કો-ઓપરેટિવ મિલ્ક માર્કેટિંગ ફેડરેશન નામની સંસ્થાની સ્થાપના કરી.

પ્રશ્નો

(1) વર્ગીસે ભારતના ખેડૂતોનું સશક્તિકરણ અને સંગઠન કેવી રીતે કર્યું?

(2) વર્ગીસે અમૂલ ડેરીની શરૂઆત કેવી રીતે કરી?

(3) ભારત સરકારની વિનંતીને માન્ય રાખીને વર્ગીસે શું કર્યું?

(બ) નીચેનામાંથી કોઈ પણ બે વિધાનો માટે કારણ આપો. 4

(1) દાદમાં મળેલા પૈસા રમઝુ મીરે ગવરીને આપી દીધા.

(2) સૂરજને જોવા માટે મહાબળેશ્વર કરતાં આબુ જવું એમ લેખક કહે છે.

(3) છોકરાઓને ઝાડ પર પથ્થર ફેંકતા જોઈને બલાઈને વેદના થતી.

(ક) નીચેનામાંથી કોઈ પણ બે પ્રશ્નોનાં ત્રણ-ચાર વાકયોમાં ઉત્તર લખો. 4

(1) શરણાઈ વગાડતી વખતે રમઝું મીર સકીનાને કેવી રીતે સાચવતો?

(2) અંબારામ ભદ્રંભદ્રના વેગ માટે કઈ ઘટના યાદ કરાવે છે?

(3) વૃદ્ધ સ્ત્રીઓએ ખોરાક છાંડનાર માટે શું કર્યું?

(ઇ) નીચેનામાંથી કોઈ પણ એક પ્રશ્નનો વિસ્તૃત ઉત્તર લખો. 4

(1) દીપકના પિતાનું હૃદય પરિવર્તન તમારા શબ્દોમાં આલેખો.

(2) જેઠીબાઈનું પાત્રાલેખન કરો. .

(5) (અ) નીચેનું કાવ્ય વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર લખો. 2

કોઈનું પણ આંસુ લૂછયું હોય તે બેસે અહી
ને પછી છાતીએ દુખ્યું હોય, તે બેસે અહી.
સૂર્ય તપતો હોય એનો મધ્યમાં ને તે છતાં
કોઈના ચરણોમાં ઝૂકયું હોય, તે બેસે અહી.
હાથ પોતાનો ય બીજો જાણવા પામે નહીં,
કીડિયારું એમ પૂર્યું હોય તે બેસે અહી.

પ્રશ્નો

(1) 'સૂર્ય તપતો હોય એનો મધ્યમાં' નો અર્થ સમજાવો.

(2) કવિ કઈ રીતે આપેલ દાનને શ્રેષ્ઠ ગણે છે?

(બ) (1) નીચેની કાવ્યપંક્તિઓ વાંચી, તેની નીચે આપેલા પ્રશ્નોનાં ઉત્તર લખો. 2



Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE

Downloaded From : http://cbseportal.com/

જે જન પામે પૂર્ણતા, તે કદી ન ફૂલાય,
પૂરો ઘટ છલકાય નહિ, અધૂરો ઘટ છલકાય.

પ્રશ્નો

(1) કેવો માણસ કદી ફૂલાતો નથી?

(2) 'અધૂરો ઘડો છલકાય' દ્વારા કવિ શું કહે છે?

(ક) નીચેનામાંથી કોઈ પણ એક પ્રશ્નોનો બે-ત્રણ વાકયોમાં ઉત્તર લખો. 2

(1) વરસાદ વરસવાથી પ્રકૃતિ પર એની શી અસર થઈ?

(2) ધન, સત્તા અને કીર્તિનું કામ નથી એમ કવિ શાથી કહે છે?

(ડ) નીચેનામાંથી કોઈ પણ ચાર પ્રશ્નોનાં એક એક વાકયમાં ઉત્તર લખો. 4

(1) કવિ ભૂખ્યા અને તરસ્યા માટે શું બનવાનું ઈચ્છે છે?

(2) કવિ ખાલી હાથમાં શું હોવાનું અનુભવે છે?

(3) નાયિકા દીવાનાખનામાં વસ્તુઓ કેવી રીતે ગોઠવે છે?

(4) મોરલીના સાદની ગોપીના મન પર કેવી અસર થાય છે?

(5) જિંદગીની આગને કવિ શેમાં ફેરવી નાખવાનું કહે છે?

-------------------------------



Downloaded From : http://cbseportal.com/ Courtesy : CBSE